# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/પરચ/૨૦૧૯-૨૦/૩૭ તા.૨૧/૦૧/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી /ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
ભાવનગર

વિષય : સમુદાય સંપર્ક અભિયાન – "બાપુ સ્કૂલમેં" અંતર્ગત શાળાની મુલાકાત બાબત.
સંદર્ભ : કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્રાંક : ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૧૫૯૬-૯૭ તા.૨૦/૦૧/૨૦૨૦

ઉપરોક્ત વિષય સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે ૩૦ મી જાન્યુઆરી શહીદ દિન તેમજ મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં આઇ.આઇ.ટી.ઇ.ના વિદ્યાર્થીઓ ગાંધી વિચાર વિસ્તારક તરીકે પૂજ્ય બાપુના વિચારોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તા.૨૬ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન વિવિધ શાળાઓની મુલાકાત કરવાના હોઇ તે અંગે તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને વિદ્યાર્થીઓને સહકાર મળી રહે તેવી ગોઠવણ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

Scanned by CamScanner

ક્રમાંકઃ ધ/માધ્ય/પરચ/૨૦૨૦/ ૯૫૮-૬-૮-૭

કમિશ્નર શાળાઓની કચેરી,
૯/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૨૦/૦૧/૨૦૨૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : સમુદાય સંપર્ક અભિયાન-"બાપુ સ્કૂલમેં" અંતર્ગત શાળાની મુલાકાત બાબત.
સંદર્ભ : ડાયરેક્ટરશ્રી, સેન્ટર ફોર એજ્યુકેશનની તા.૧૮/૧/૨૦૨૦ ની રજૂઆત.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ૩૦ મી જાન્યુઆરી શહીદ દિન તેમજ મહાત્મા ગાંધીની ૧૫૦ મી જન્યજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં આઈ.આઈ.ટી.ઈ. ના વિદ્યાર્થીઓ ગાંધી વિચાર વિસ્તારક તરીકે પૂજ્ય બાપુના વિચારોને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તા.૨૬ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન વિવિધ શાળાઓની મુલાકાત કરવાના હોઈ તે અંગે ગુજરાત રાજ્યની ઉ.મા. શાળાઓમાં સહકાર મળી રહે તેવી ગોઠવણ કરવા અંગે રજૂઆત કરેલ છે, જેની નકલ આ સાથે સામેલ છે. તો, સદર રજૂઆત મુજબની વ્યવસ્થા કરવા અંગે આપના તાબા હેઠળની શાળાઓના અચાર્યશ્રીઓને જરૂરી સૂચના આપવા આજ્ઞાનુસાર વિનંતી છે.

બિડાણઃ ઉપર મુજબ.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

**નકલ સવિનય રવાના :**

-ડાયરેક્ટરશ્રી, સેન્ટર ઓફ એજ્યુકેશન, રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર, ગુજરાત.



Scanned by CamScanner

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન

**Indian Institute of Teacher Education**

(A State Public University established by Government of Gujarat)

No. IITE/CoE/669 /2020

આવક શિક્ષણ
નંબર :- 86
તારીખ :- 20-1-20
પી.એ.કાર્યાલય

તા : ૧૮/૦૧/૨૦૨૦

પ્રતિશ્રી,

શ્રી પી. ભારતી, આઈ.એ.એસ.

કમિશનરેટ ઓફ સ્કૂલ, ગુજરાત રાજ્ય,

ગાંધીનગર.

વિષય : સમુદાય સંપર્ક અભિયાન – "બાપુ સ્કુલ મે" અંતર્ગત શાળાની મુલાકાત અંગે.

આદરણીય સાહેબ,

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (Indian Institute Of Teacher's Education) તરફથી શુભેચ્છાઓ.

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન (IITE) એ ગુજરાત સરકાર દ્વારા સ્થપાયેલ એક સ્ટેટ યુનિવર્સીટી છે જેની સ્થાપના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી માન. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ છે. જે બહુઆયામી ક્ષમતાસભર વૈશ્વિક કક્ષાના શિક્ષકો તૈયાર કરવાનું નિરંતર કાર્ય કરે છે. સમગ્ર દક્ષિણ પૂર્વ એશિયામાં આ પ્રકારની એક માત્ર એવી – આ યુનિવર્સીટી દ્વારા University Grant Commission (UGC) અને National Council For Teacher's Education (NCTE) ની માર્ગદર્શિકા અનુસાર એક Community Outreach Program, "બાપુ સ્કૂલમે" નું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્મ ૩૦મી જાન્યુઆરી શહીદ દિન તેમજ ગાંધી બાપુની ૧૫૦મી જન્મ જયંતિ ની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગાંધી વિચાર પ્રચારક તરીકે ગુજરાત રાજ્યની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓની મુલાકાતે જનાર છે.

ગુજરાતના કુલ ૩૩ જીલ્લા અને ૭ મહાનગરપાલિકા મળી કુલ ૪૦ સ્થળોની વિવિધ શાળાઓમાં IITEના વિદ્યાર્થીઓ જુથમાં ગાંધી વિચાર વિસ્તારક તરીકે તા. ૨૬ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન મુલાકાત કરી પૂ. બાપુના વિચારોને રાજ્યભરની આશરે ૧૦૦૦ જેટલી શાળાઓના ૧.૫ લાખ વિદ્યાર્થીઓ સુધી પહોચાડવાનું લક્ષ્ય સિદ્ધ કરવા ઉત્સુક છે. આ અન્વયે ગુજરાત રાજ્યની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અમને સહકાર મળી રહે તેની ગોઠવણ કરી આપવા આપશ્રીને નમ્ર વિનંતી છે.

આપશ્રીના સકારાત્મક પ્રતિભાવની અપેક્ષા સહ,

આપનો વિશ્વાસુ,

ડાયરેક્ટર,

સેન્ટર ઓફ એજ્યુકેશન


બીડાણ : "બાપુ સ્કૂલ મેં" કાર્યક્રમની રૂપરેખા.



Scanned by CamScanner

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

# BAPU SCHOOL ME



## A COMMUNITY OUTREACH PROGRAM

TO CELEBRATE
150TH BIRTH ANNIVERSARY OF MAHATMA GANDHI

CONDUCTED BY

# INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
## GANDHINAGAR

Scanned by CamScanner

ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર

'ગાંધી- સ્કૂલ મેં' અભિયાન

26 જાન્યુઆરીથી 31 જાન્યુઆરી, 2020

<u>હેતુઓ</u>

- પ્રશિક્ષણાર્થીઓને ગાંધીજીની વિચારધારાથી અભિમુખ કરવા.
- પ્રશિક્ષણાર્થીઓને ભાવિ જવાબદારીઓના વહન માટે તૈયાર કરવા.
- પ્રશિક્ષણાર્થીઓને ગાંધીજીના વિચાર દર્શનને ગુજરાતભરમાં વિસ્તારવા પ્રશિક્ષણ આપવું.
- પ્રશિક્ષણાર્થીઓને સમગ્ર ગુજરાતભરના જિલ્લાઓમાં મોકલી ગાંધી દર્શનનો વિસ્તાર કરવા પ્રશિક્ષણ આપવું.
- ગુજરાતના દરેક જિલ્લામાં 26મી જાન્યુઆરી (પ્રજાસત્તાક દિન) ઉજવણી કાર્યક્રમમાં ગાંધીજીના વિચારોનો વિસ્તાર કરવો.
- તા. 26 થી 31 જાન્યુઆરી, 2020 પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુજરાતના દરેક જિલ્લામાં વિવિધ શાળાઓની મુલાકાત લઈ ગાંધીજીના વિચારોનો વિસ્તાર.
- પ્રશિક્ષણાર્થીઓ દ્વારા 30મી જાન્યુઆરી, ગાંધી નિર્વાણ દિને વિવિધ કાર્યક્રમો દ્વારા ગુજરાતભરના વિવિધ જિલ્લાની વિવિધ શાળાઓમાં ગાંધીદર્શનનો વિસ્તાર.
- પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગાંધીદર્શનને જીવનમાં ઉતરવું અને ભાવિ શિક્ષક તરીકે કાર્યક્રમ યોજવાનો મહાવરો મેળવવો.
- પ્રશિક્ષણાર્થીઓ દ્વારા ગુજરાતભરના વિવિધ જિલ્લાની ભૌતિક સુવિધા, માનવ સંસાધન તથા સંસ્કૃતિથી વાકેફ થવું.
- પ્રશિક્ષણાર્થીઓ વિવિધ માધ્યમો દ્વારા લોકજાગૃતિ લાવતા શીખે.

Scanned by CamScanner

## કાર્યક્રમની રૂપરેખા

તાઃ- 26-1-2020 જિલ્લા કક્ષાના ગણતંત્ર દિવસ કાર્યક્રમમાં હાજરી, સમગ્ર કાર્યક્રમનું અવલોકન

તાઃ- 27-1-2020થી 29-1-2020 પ્રત્યેક જિલ્લાની ચાર શાળાની દૈનિક મુલાકાત

(એક જૂથમાં 12 પ્રશિક્ષણાર્થી)

(3 પ્રશિક્ષણાર્થીનું એક એવા ચાર જૂથ)

- શાળા મુલાકાત, પ્રાર્થના સંચાલન, શાળાની ભૌતિક સુવિધા, માનવસંસાધન પરિચય, શાળાની અભ્યાસ પ્રવૃત્તિઓ સહ અભ્યાસ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ
- ગાંધીજીના વિચારોનો પ્રસાર, વિવિધ કાર્યક્રમોનું આયોજન

તાઃ- 30-1-2020 <u>ગાંધી નિર્વાણ દિન</u>

- વિવિધ કાર્યક્રમોનું આયોજન, સ્વચ્છતા અભિયાન, ગાંધીજીના વિચારોનો ફેલાવો
- કોઈ સામાજિક સંસ્થાની મુલાકાત

(વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, દિવ્યાંગ સંસ્થા, સેવાભાવી હોસ્પિટલ)

Scanned by CamScanner

યોજવાના કાર્યક્રમો

- શાળાની ભૌતિક સુવિધાનું નિરીક્ષણ
- શાળાના માનવ સંસાધનનું નિરીક્ષણ
- શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિઓનું નિરીક્ષણ
- શાળાની સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું નિરીક્ષણ
- ગાંધીજીના વિચારોનો વિસ્તાર ( બ્રોશર, પોસ્ટર, પત્રિકા, વીડિયોક્લિપ, ચર્ચા, પ્રશ્નોત્તરી, સંવાદ, નાટક)
- સ્વચ્છતા અભિયાન
- આરોગ્ય જાગૃતિ અભિયાન
- સ્પર્ધાઓનું આયોજન

Scanned by CamScanner

## કાર્યક્રમની અપેક્ષિત ફલશ્રુતિ

- પ્રશિક્ષણાર્થીઓ શિક્ષકની ભૂમિકા અને જવાબદારીથી વાકેફ થશે.
- પ્રશિક્ષણાર્થીઓ પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરેના આયોજનની તાલીમ મેળવશે.
- પ્રશિક્ષણાર્થીઓ ગાંધીજીના વિચારોથી વાકેફ થશે તેમજ જીવનમાં ઉતારશે.
- પ્રશિક્ષણાર્થીઓ વિવિધ માધ્યમના ઉપયોગથી ગાધીજીના વિચારોનો પ્રસાર કરતા શીખશે.
- વિવિધ કાર્યક્રમોના આયોજનનો લાભ સ્થાનિક શાળા અને લોકોને મળશે.
- લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ આવશે.
- પ્રશિક્ષણાર્થીઓ સામાજિક સંસ્થાઓની મુલાકાત લેશે જેથી તેમનામાં સામાજિક જવાબદારી પ્રત્યે જાગૃતિ આવશે.
- પ્રશિક્ષણાર્થીઓમાં સંશોધનવૃત્તિનો વિકાસ થશે.
- ગુજરાતની વિવિધ જિલ્લાની ભૌગોલિક, સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક માહિતીથી વાકેફ થઈ શકશે.
- સમાજમાં ગાંધીજીના વિચારોનો વિસ્તાર થશે.

Scanned by CamScanner